

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તા આવી ચાંદલો કરવા, મોઢું ધોવા બેઠા છે!*
*બગાસું ખાતાં પડે પતાસું, છતાં રોવા બેઠા છે!*
*દોહવા બેઠા છે ગોવાળો, જૂથની ગાય, સ્વાર્થમાં -*
*સંપ નથી કોંગીમાં મળેલી તક ખોવા બેઠા છે!*

### હાઈકુ

*'જવાબદારી'*
*'શક્તિ'ની છે અશક્તિ!*
*કે જૂથ-ભક્તિ?!*

*ખેંચાખેંચમાં*
*પીશો નહીં તો, હાથે -*
*ઢોળાઈ જશે!*

### ચિંતન

**યસ્મિન રૂષ્ટે ભયં નાસ્તિ તુષ્ટે તૈવ ધનાગમઃ ।**
**નિગ્રહાનુગ્રહૌ ન સ્તઃ સ રુષઃ કિં કરિષ્યતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય નામે 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

જે વ્યક્તિના ક્રોધિત થવાની કોઈના પર કંઈ જ અસર થતી નથી એટલે કે કોઈને એના ક્રોધથી ભય કે ડર પેદા થતા નથી. વળી આવા માણસની સેવાની કોઈ ધનલાભની આશા નથી અર્થાત એ કંઈ પણ આપવા માટે પણ અસમર્થ છે. જે વ્યક્તિ કોઈ પર નથી કૃપા કરી શકતી કે નથી કોઈને દંડ-સજા કરી શકતી નથી અર્થાત્ એના વ્યક્તિત્વ સ્વભાવમાં કોઈ પણ જાતનાં શક્તિ-સામર્થ્ય જ નથી. આવી વ્યક્તિ (પુરુષ કે સ્ત્રી) નારાજ થાય કે ગુસ્સે થાય, તો પણ શું કરી શકે?!

જે પુરુષ વ્યસની અને કમાવાથી લાચાર હોય અને પત્નીની આવક પર નિર્ભર હોય તે સદા લાચારીમાં - અપમાનજનક પરિસ્થિતિમાં જીવે છે. એની ઉદ્દંડ પત્નીને એનો કોઈ પણ જાતનો ડર રહેતો નથી. એવી જ રીતે લાચાર સ્ત્રી-અબળા જે પુરુષ પર સંપૂર્ણ નિર્ભર છે તે પતિના બધા દુરાચાર - અત્યાચાર મૌન રહી સહન કર્યા કરે છે.

### સુવિચાર

- ચઢે દરબાર તેના જાય ઘરબાર - **જૂની કહેવત**
- મનુષ્યના ચાર ગુણ-દાનની ભાવના, મધુર વાણી, સહનશક્તિ, અને સારા-નરસાનો ભેદ પારખવાનું જ્ઞાન - **વજુ કોટક**
- ખરાબ શબ્દો ગળી જવાથી કોઈને પેટમાં દુઃખાવો થયો હોય એવું હજી સુધી બન્યું નથી - **ચર્ચિલ**
- આપણી અંદરની ઉપલબ્ધિ બહારની વાસ્તવિકતાને બદલી નાખે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપતા શીખો, જગત તમારું નામ લેતા શીખી જશે - **મલયાલી કહેવત**
- જે સમયથી ન સમજે તેને સમય સમજાવી દે છે - **પન્નાલાલ પટેલ**
- ખરીદી શકાય એવું સુખ કયાંક વેચાતું નથી, અને વેચી શકાય તેવું દુઃખ હોતું નથી - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : કરંજના પાનનું ચૂર્ણ એક ચમચી એક ગ્લાસ છાશ સાથે પીવાથી હરસ મટે છે.

### બોધકથા

આપણે આપણું કામ, ફરજ 'પતાવી' છીએ. પણ એમાં જો રસ, ઉત્સાહ-ભક્તિનું ઉમેરણ થાય એ આપણને માટે 'આનંદ'ની ઉપાસના થઈ જાય. કેટલાંક લોકો પોતાનું કામ મરતે-મરતે - વેઠની જેમ કરે છે.

એક તપોવન-આશ્રમના ગુરુએ કહ્યું, આજે તમને મેં પુસ્તકો દ્વારા અને આચરણ - વ્યવહાર જે જ્ઞાન આપવાનું હતું તે આપી દીધું - આજે તમે મારી સાથે શહેર તરફ ચાલો - તમારું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની શક્તિનું મારે પરીક્ષણ કરવું છે. રસ્તામાં એક ખેતરમાં ખેડૂત હળ ચલાવતો હતો. તેનું ધ્યાન બળદની ચાલ અને પડતી ચાસ પર જ હતું. ગુરુ અને શિષ્યો પર તેનું ધ્યાન જ ન હતું.

આગળ જતાં, એક લુહાર પોતાની કોઢ પાસે એક હાથે લોખંડ ઘડતો હતો બીજે હાથે અગ્નિ પણ ફૂંકતો હતો - લોખંડ પર પડતા હથોડાનું પણ ધ્યાન રાખવું પડતું હતું. આગળ જતાં એક હાથલારી પર મજૂર ખૂબ આનંદની ગાઢ નિંદ્રામાં પોઢેલ હતો. ગુરુજીએ નિરીક્ષણ જાણવા શિષ્યોને પ્રશ્નો પૂછયા બધાના જવાબ અલગ પણ સંતોષકારક હતા.

પરિશ્રમમાં એક ચિત્તે, નિષ્ઠાપૂર્વક, શ્રદ્ધા-ભક્તિ સાથે લાગી રહેનારને શ્રમ-પરિશ્રમનો પરમ આનંદ મળે જ છે.

# ગુજરાતના અસ્મિતાપુરૂષનું સન્માન

કયારેક કર્મચારીઓની વસાહત તરીકેની મર્યાદિત ઓળખ ધરાવતું ગાંધીનગર કાલાન્તરે એની ગૌરવવંતી ઓળખ પ્રાપ્ત કરી આજે એવા તબક્કે પહોંચ્યું છે કે અહીં રાજકારણ કરતાં ધર્મ અને સાહિત્યકળા જેવી બાબતો કેન્દ્ર સ્થાને આવી ગઈ છે. વિદ્યાધામ તરીકેની પ્રતિષ્ઠા હાંસલ કરનાર પાટનગર ખાતે વિવિધ જ્ઞાતિસમાજોની વિદ્યાસંસ્થાઓ સ્થપાઈ છે અને મહોરી છે. જ્ઞાનપીઠ એવોર્ડ જેવો સાહિત્યનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત કરનાર વરિષ્ઠ સર્જક રઘુવીર ચૌધરી મૂળે માણસા નજીક આવેલા બાપુપુરાના ખેડૂત પરિવારનું ફરજંદ છે. સમસ્ત જીવન શબ્દ સાથે જોડયા પછી અને અમદાવાદ જેવા મહાનગરમાં વસ્યા છતાં તેઓ બાપુપુરાના ખેતરશેઢા ભૂલ્યા નથી. મહાનગરનો થાક તેઓ એ લીલછોયા શેઢાઓ પર ઉતારતા રહ્યા છે. જીવનમાં પરિશ્રમનો મહિમા કરનારા આ સર્જકને સ્વાભાવિક રીતે જ એમનો સમાજ પ્રગતિકૂચનાં વિવિધ સોપાનો પર અહોભાવપૂર્વક યાદ કરતો રહ્યો છે. જ્ઞાનપીઠ એવોર્ડની જાહેરાત થતાંની સાથે અહીંની સમાજ સંચાલિત વિદ્યાસંસ્થાના અગ્રણીઓએ રઘુવીરભાઈનો ભવ્ય સન્માન સમારોહ યોજવાનો સંકલ્પ કર્યો હતો રઘુવીરભાઈએ એમના લાગણીને માન આપી એવોર્ડ એનાયત થયા પછી નગરની અન્ય સંસ્થાઓ સાથે મળી આવો કાર્યક્રમ યોજાય તો એમાં ઉપસ્થિત રહેવાનું સ્વીકાર્યું હતું. જો કે ગાંધીનગરના આ ભવ્ય સન્માન સમારોહમાં તો રાજયના બંધારણીય વડા મહામહિમ રાજયપાલશ્રીએ પોતે હાજર રહીને શોભામાં અભિવૃદ્ધિ કરી, પરંતુ એ પૂર્વે સૌ પ્રથમ તો દૂરવર્તી ખેરાલુ કૉલેજના કેશુભાઈ દેસાઈ વિદ્યાસંકુલમાં અને અસ્મિતા પર્વ પ્રસંગે સંત શિરોમણિ મોરારિબાપુની ઉપસ્થિતિમાં રઘુવીરભાઈનું જ્ઞાનપીઠ પારિતોષિક અન્વયે સન્માન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. રઘુવીર ચૌધરી જીવનધર્મી સાહિત્યકાર છે. એથી એમને આવા સન્માન-આયોજનો ન ગમે તે સમજી શકાય, પરંતુ પ્રજા માટે તો આ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરવાનું ટાણું છે. વળી એથી નવી પેઢીને પ્રેરણા પણ મળે છે. ગુજરાતી સર્જક રાષ્ટ્રીય સ્તરે સર્વોચ્ચ શિખર સન્માન પ્રાપ્ત કરે છે ત્યારે એ ગુજરાતની અસ્મિતા અને ગરિમાનો જ પુરસ્કાર કરે છે એ દૃષ્ટિએ રઘુવીરના ભાલ પર કરાયેલું તિલક તે ગિરાગૂર્જરીના મોરમુકુટનું તિલક બની રહે છે. ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ અને રાજેન્દ્ર શાહ પછી જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનાર એ ચોથા સાહિત્યકાર છે. જ્ઞાનપીઠ એવોર્ડ મેળવ્યા પછી પણ રઘુવીર રઘુવીર જ રહ્યા છે. એમની અક્ષરયાત્રા અવિરત ચાલુ રહી છે. અલબત્ત, એમની પાસેથી મળવાપાત્ર શ્રેષ્ઠ પ્રદાન ગણાતી કાલજયી કૃતિઓ - 'અમૃતા' અને 'ઉપરવાસ કયાત્રયી' આપણને ઘણી વહેલી મળી ચૂકી છે અને અત્ર-તત્ર-સર્વત્ર પોંખાઈ પણ છે. જ્ઞાનપીઠ એવોર્ડ પૂર્વે રઘુવીર ચૌધરીને સાહિત્યક્ષેત્રે ભારતમાં ઉપલબ્ધ સર્વોચ્ચ ઈનામ્-અકરામ મળી ચૂક્યાં છે, બલકે રઘુવીર ચૌધરીનો ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ઉમાશંકર જોશી પછી સૌથી ભારે દબદબો રહ્યો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ એ રઘુવીર ચૌધરીના પર્યાસ સમી સાહિત્યિક સંસ્થા બની ગઈ છે. વર્ષો સુધી રઘુવીર ચૌધરીએ વિવિધ

**તંત્રીસ્થાનેથી...**

પ્રતિભાશાળી વ્યક્તિઓ-સર્જકો વિશેનાં રેખાચિત્રોની કટાર ચાલતી હતી જેનું શીર્ષક હતું : 'તિલક કરે રઘુવીર'. મૂળે તુલસીદાસની આ અર્ધાલી છે : ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીર / તુલસીદાસ ચંદન ઘિસે તિલક કરે રઘુવીર. સૌને તિલક કરનારા રઘુવીર ચૌધરીને તિલક કરી ગાંધીનગરે એની અસ્મિતા અને ગરિમાનો જ પરિચય આપ્યો છે.

# વનસ્પતિ જગતમાં રંગોનું રહસ્ય



**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર

આપણે સહુ જાણીએ છીએ તેમ વન્યસૃષ્ટિની બે ઉપસૃષ્ટિનું વિભાગીકરણ પુષ્પ એટલે કે ફુલોને આધારે અપુષ્પી તથા સપુષ્પી એમ કરવામાં આવેલ છે. વનસ્પતિના ફુલોને પૂર્ણ ફુલ અને અપૂર્ણ ફુલ એમ બે ભાગમાં વહેંચવામાં કે ઓળખવામાં આવે છે. જે ફુલની રચનામાં પુંકેસર (નર) અને સ્ત્રી કેસર (માદા) એમ બંને જોવા મળે તેને પૂર્ણ ફુલ કહે છે. જયારે અપૂર્ણ ફૂલમાં ફક્ત નર કે માદા, પૂં કે સ્ત્રી કેસર એક જ હોય છે. એક જ છોડના પુષ્પના પુંકેસર અને સ્ત્રીકેસર વચ્ચે પરાગનયન થાય તો તેને સ્વ પરાગનયન કહે છે જયારે એક જ વનસ્પતિના બે અલગ-અલગ છોડના પુષ્પોમાં પુંકેસર અને સ્ત્રી કેસર વચ્ચે પરાગનયન થાય તેને પરપરાગનયન કહે છે. બે છોડ વચ્ચે નર-માદા પરાગરજ પવન, પાણી અને જીવો જેવા કે પશુઓષ પક્ષીઓ અને કીટકો મારફતે થાય છે.



જે વનસ્પતિના છોડના પુષ્પોનું પરાગનયન સજીવો દ્વારા અને તેમાં પણ ખાસ કરીને કીટકો જેવા કે પતંગિયા, ફુંદા, વિવિધ પ્રકારની માખીઓ, કીડીઓ, ઢાળિયા વગેરેથી થાય છે. તેના માટે જે તે છોડના પુષ્પ રંગો અને સુગંધો દ્વારા તેના જીવોને આકર્ષશે છે. પરિણામે પુષ્પો ખુબ જ આકર્ષક, ભડકીયાં, ચમકતાં અને લીલા રંગથી વિષય એટલે કે વિરોધી રંગ ધારણ કરીને પોતાની હાજરી પ્રદર્શિત કરવાનું પસંદ કરે છે. પુષ્પોના વિવિધ રંગો માટે તેમાં રહેલ રંગદ્રવ્ય કારણભૂત હોય છે. કલોરોફીલ નામનું રંગદ્રવ્ય **(Pigment)** લીલા રંગ, કેરોટીનોઈડ્સ જેમાં ઝેન્થોફાઈલ્સ પીળો, કેસરી, લાલ, ગુલાબી રંગ, ફલેવોનોઈડ્સ્ જેમાં એન્થોસાઈમીન્સ, ઔસેન્સ, ચાલ્કન્સ, ફલોવોનોલ્સ અને પ્રોન્થોસાઈનની પીળા, લાલ, વાદળી અને જાંબલી રંગ તથા બેટાલાઈન્સ જેમાં બેટા સાયનીસ્સ તથા બેટાક્ષારથીન, લાલ, પીળા, કેસરી તથા વાદળી રંગના ફળો કે ફુલોમાં જોવા મળે છે.

વનસ્પતિના પર્ણો, શાખાઓ કે જે લીલા રંગની હોય છે તે માટે કલોરોફીલ (હરિત દ્રવ્ય) હોય છે જે પ્રકાશ સંશ્લેષણમાં અગત્યનો ભાગ ભજવે છે. કલોરોફીલ્સના લીલા રંગ દ્રવ્યને કારણે પર્ણો પ્રકાશના ૪૫૦ થી ૬૫૦ નેવોમીટરની તરંગલંબાઈ ધરાવતાં પ્રકાશનું શોષણ વધુ કરે છે જેમાં જાંબુડીયા તથા વાદળી રંગનું પ્રભુત્વ હોય છે. ઝેન્થ્રોફાઈલ એ પીળા રંગના કેરોટેનોઈટ રંગ દ્રવ્ય સમુહનું છે. આ રંગદ્રવ્ય ૪૦૦ થી ૫૩૦ નેનો મીટરની તરંગ લંબાઈનો પ્રકાશ વધુ શોષે છે તેથી તે હરિત કણ સાથે જોડાઈને વનસ્પતિને પ્રકાશ સંશ્લેષણમાં મદદરુપ બને છે. ઝેન્થોફાઈલનું પ્રમાણ જયારે ફલોરોફીલ્સ કરતાં વધવા લાગે એટલે પર્ણો લીલા રંગમાંથી પીળા રંગ ધારણ કરવા લાગે છે.

પરાગરજ વાહકો **(Pollinators)** ને પીળા રંગના ફુલોનું આકર્ષણ વધુ હોય છે. પતંગિયા દિવસ દરમિયાન સતત ભ્રમણ કરતાં કરતાં ઉડતાં-ઉડતાં પુષ્પો પર ફરીને ફુલોનો મધુરસ અને પ્રોટીન મેળવે છે. તેની સાથે-સાથે પરાગરજોનું વહન પણ કરે છે. પતંગિયા વાદળી અને જાંબળી રંગોનાં ફુલોથી વધુ આકર્ષાય છે. જયારે મધમાખીઓ પીળા, કેસરી, ગુલાબી તથા લાલ રંગથી વધુ આકર્ષાય છે. હમીંગ બર્ડ (શક્કરખોરા) નામના ટચુકડા પક્ષીઓ લાલ, ગુલાબી અને જાંબુડી રંગોના ફુલોથી વધુ આકર્ષાય છે. જયારે રાત્રિ દરમિયાન ખીલતાં વનસ્પતિના ફુલો રંગવિહીન એટલે કે સફેદ રંગના હોય છે અને આ માટે નિશાચર એવા ફુંદા **(Moths)** અને ચામાચીડિયાં/વાગોળો જેવા પરાગનયન ક્રિયામાં મદદરુપ બને છે. રાત્રે ખીલતાં પુષ્પોમાં સુગંધ પણ તીવ્ર હોઈ મહત્ત્વનો ભાગ ભજવે છે.

પ્રકૃતિમાં પ્રકાશના સાત રંગોનું મહત્ત્વ કેટલું છે? તે વન્સપતિના પર્ણો, ફુલ, ફળ અને અન્ય અંગોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ ખુબ જ મહત્ત્વનો બની જાય છે. સૂર્યપ્રકાશના શ્વેતરંગના સાત ભાગો/રંગો વનસ્પતિ જગત સાથે મહત્ત્વનું સંયોજન કરી સૃષ્ટિના અસ્તિત્વ અને પ્રક્રિયાઓમાં ફળો અદા કરે છે. રંગોનું આ રહસ્યમાં મહત્ત્વ/પ્રદાન આશ્ચર્ય પમાડે તેવું છે.

# હું અને મારી નિયત્તિ : એક મધુર સત્ય



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

મિત્રો, જીવન ફરીથી એક નવા વળાંકે આવીને ઊભું છે. ઘણી વખત થાય છે કે આવા વળાંકો જીવનમાં શા માટે આવતા હશે? જો કે આ વળાંકોથી જ ખ્યાલ આવે છે કે આપણું જીવન વહેતું છે અને એ એની મંઝિલ તરફ જઈ રહ્યું છે. મારું જીવન જ વળાંકોથી ભરેલું છે. હું અનેક જીવલેણ વળાંકો પાર કરી ચૂક્યો છું. મને લાગે છે હવે આ વળાંક મારા જીવનનો મહત્વનો વળાંક સાબિત થશે. કેમ કે હું અત્યારે એવી સ્થિતિએ છું કે મારે નવો વળાંક લેવો કે કેમ તેની મને જ ખબર નથી. પણ મારી પાસે સમય ઓછો છે. અને કામ વધુ છે. લખવાનું ખુબ બાકી છે. તેથી હવે ખુબ લખવું છે. નર્મદની જેમ કલમને ખોળે જીવવું છે. જો કે જીવ પ્રવૃત્તિઓ સાથે ગૂંથાયેલો હોવાથી હું પ્રવૃત્તિમૂક્ત રહી શકીશ નહી પણ એ પ્રવૃત્તિઓ માત્ર સાહિત્યની, કલાની અને સેવાની હશે. હવે શબ્દના બંધનમાં જ બંધાવું છે. શબ્દ, સંગીત, ચિત્ર, નાટ્ય અને કલાના સાનિધ્યમાં બાકીના વર્ષો પસાર કરવા છે. પ્રકૃતિના ઘણા રૂપો, સ્વરૂપો આપણી ધરતી પર પથરાયેલા છે એને મન ભરીને પીવા છે. મને લાગે છે કે મારી નિયત્તિ મને એણે નિશ્ચિત કરેલા ધ્યેય તરફ લઈ જઈ રહી છે. કેમ કે સંબંધો દ્વારા સર્જાયેલી કેટલીક વિપરિત પરિસ્થિતિઓને હું કોઈ ઋષિના તપની માફક સુધારવા પાંચ છ વર્ષથી સતત મથું છું. પણ હજી સુધી મારી સામે મારી નિયત્તિ જ વિજયી બની છે. અને હું હજીયે નિયત્તિને હરાવવા – પછાડવા મથું છું. પણ નિયત્તિ એ બાબતે બમણા જોરથી કામ કરી રહી છે. કદાચ એવું પણ બને કે એ મને કાંઈક વધુ સારું આપવા ઈચ્છે છે. અને હું એના કાર્યમાં વિક્ષેપ નાખું છું. હું એટલું તો ચોક્કસ કહીશ કે નિયત્તિના કાર્યમાં વિક્ષેપ નાખવાની ક્ષમતા મારામાં છે. એને ઝૂકાવવાની હિંમત પણ છે. નિયત્તિ બદલવાની ક્ષમતા પણ છે પરંતુ મારી કરૂણતા એ છે કે મારી નિયત્તિ સાથેનું યુદ્ધ પણ મારે એકલા એ લડવું પડે છે. બહારની પર્વત જેવડી અનેક સમસ્યાઓ સામે એકલા લડી શકાય છે એને જીતી શકાય છે. પણ જ્યારે યુદ્ધ આપણે આપણી જ સામે અથવા આપણા પોતાનાની સામે કરવાનું હોય ત્યારે ખુબ જ કઠિન હોય છે. એ જીતી પણ નથી શકાતું અને હારી પણ નથી શકાતું. અર્જુન જેવી સ્થિતિ હોય છે. હું અગાઉ પણ ક્યાંક લખી ચૂક્યો છું કે મારા જીવનની સૌથી મોટી કરૂણતા હોય તો એ છે કે મારા જીવનના મહાભારતમાં કૃષ્ણ પણ હું છું અને અર્જુન પણ હું છું. મારી નિયત્તિ સામે એકલો કોઈપણ શસ્ત્ર વિના લડી લડીને હું ઘણી વખત થાકી ગયો છું. હારી ગયો છું, તૂટી ગયો છું અર્જુનની માફક. અને ફરી પાછો કૃષ્ણ બનીને હું જ મારી જાતને ઊભી કરું છું. પ્રોત્સાહિત કરું છું. જોશ અને જનૂનથી ભરી દઉ છું. મારામાં નવી ચેતના – નવી ઊર્જા પ્રગટાઉ છું અને પાછો ઊભો થઈને પડકાર ફેંકું છું નિયત્તિને " કે ચલ, આવી જા મેદાનમાં " એ સમયે નિયત્તિ પણ સમજી જાય છે અને એકદમ હળવી થઈને મારી નવી ઊર્જાને સન્માન આપે છે. મારી હિંમતને, બહાદુરીને માન આપે છે. મારામાં નવા સપનાઓ ભરે છે. અને હવે નિયત્તિ બદલાશે જ એ ક્ષણ સુધી મને લઈ જાય છે. અને પાછો એટલો જ જોરથી વળતો ઘા કરે છે કે હું મારી બધી જ હિંમત, બધી જ ચેતના, બધી જ નવી ઊર્જા, બધા જ નવા સપનાઓ ખોઈ બેસું છું. સાવ ખાલી – આંસુઓના અરણ્યવનમાં એકલો તૂટી જાઉં છું. વિખેરાઈ જાઉં છું. પાણી ભરેલું કોઈ વિરાટ આભ ફાટે અને જે હોનારત થાય એવી હોનારત મારી અંદર થાય છે. હું તણાતો જાઉં છું, ડુબતો જાઉં છું. એમ લાગે છે કે હવે આ છેલ્લા શ્વાસ છે ત્યા ચમત્કાર થાય છે. દૂરથી એક તણખલું દેખાય છે હું એને પકડી લઉ છું. શક્ય છે કે એ તણખલું નિયત્તિએ જ મોકલ્યું હોય, હું ડુબતો બચી જાઉં છું. ફરી કાંઠે બેસું છું ગૂમસૂમ થઈને, ચારે તરફ અંધકાર જ અંધકાર. ક્યાંય કોઈ પ્રકાશ નહી. કંઈ તરફ જવું એ પણ ખબર નહી. અને ત્યા ફરી પાછું દૂરથી કોઈ પ્રકાશનું કિરણ દેખાય. હું ત્યા જાઉં તો એ પ્રકાશ ના હોય. ચારે તરફ નાના નાના પ્રકાશના બિંબો દેખાય હું હરખાઈ જાઉં. એક એક બિંબ તરફ જાઉં અને બધા જ બિંબો ગાયબ. હું ફરી એકલો. ત્યારે મને સમજાયું કે અંધકારના સમયે આપણી આસપાસ જે ચમકતું હોય એ ઘણી વખત પ્રકાશ નથી હોતો. પ્રકાશનો આભાસ માત્ર હોય છે. આવા અંધકારની પીડા અસહ્ય બને ત્યા જ નવો સૂરજ ઊગતો દેખાય અને મારા શરીરમાં ફરીથી નવી ચેતનાનો સંચાર થાય. થોડા હાથ મારી તરફ લંબાય. મને ઊભો કરે, મને જમાડે, કોઈ મને શાસ્ત્રોનું તો કોઈ શસ્ત્રોનું જ્ઞાન આપે. કોઈ મને કહે કે ભગવાન રામને પણ ૧૪ વર્ષનો વનવાસ વેઠવો પડ્યો હતો. ભગવાન કૃષ્ણને પણ પોતાના જ પુત્રને મારવો પડ્યો હતો. અને આમ હું ફરીથી કોઈપણ જાતના શસ્ત્ર વિના એક નવું મહાભારત ખેલવા તૈયાર થઈ જાઉં. હું નથી જાણતો કે મને મારી નિયત્તિ હરાવે છે કે વિજયી બનાવે છે? પણ હવે એવું ચોક્કસ લાગે છે કે મારી નિયત્તિએ મને કોઈ ચોક્કસ મોટા કાર્ય માટે પસંદ કર્યો છે. એ મને જેટલો સંઘર્ષ આપે છે એની સાથે સાથે કોઈ એવી અદશ્ય શક્તિ મારી સાથે રહીને મારું ધ્યાન પણ રાખે છે. નિયત્તિ એક દરવાજો બંધ કરે છે તો એ અદશ્ય શક્તિ બીજા બે નવા દરવાજા પણ ખોલે છે. હું એ નથી જાણતો કે મારી સાથે નિયત્તિ આ ખેલ ક્યા સુધી ખેલશે? આ બધા ખેલનો, સંઘર્ષનો, યુદ્ધોનો, પીડાનો અંત ક્યારે આવશે? હું ક્યારે સાવ હળવો થઈને, મૂક્ત થઈને કોઈ સરોવરની પાળે કે દરિયા કિનારે કે ગાંધીનગરના સ્વર્ણિમ પાર્કના ઘટાદાર વૃક્ષના છાંયડે શાંતિથી બેસી શકીશ? હું ક્યારે કોઈ ફૂલની મહેકને મારા શ્વાસોમાં ભરી શકીશ? હું ક્યારે વરસતા વરસાદમાં ખુલ્લા શરીરે નહાવા જઈ શકીશ? મારા ઘરની એક બારીમાંથી રોજ હું ઉગતો સૂર્ય પણ જોઉ છું અને બીજી બારીમાંથી આથમતો સૂર્ય પણ મને દેખાય છે.

હું ઈશ્વરમાં બહું નથી માનતો, મંદિરે પણ બહુ શ્રદ્ધાથી નથી જતો અને તેથી જ ઈશ્વર એની પ્રતિતી મને કરાવવા સતત મારી પડખે રહે છે એનો અનુભવ મને ઘણી વખત થયો છે. મને એ પણ નથી સમજાતું કે સંસારમાં મારા સિવાય એવા કેટલાય બિચારા છે જેમને ઈશ્વરની ખુબ જરૂર છે છતાંય એ મારી સાથે કેમ રહે છે? એ કદાચ મારી માના પૂણ્યકર્મોને કારણે હોઈ શકે છે.

હું વનમાં પ્રવેશી ગયો છું. આમ તો વન પ્રવેશ એટલે વાનપ્રસ્થ અવસ્થા કહેવાય. હવે જંગલો રહ્યા નથી તેથી ઈન્ટરનેટના જંગલોમાં માણસ બાળપણથી જ ભટક્યા કરે છે. જો કે હું પુસ્તકોના જંગલોમાં રહું છું. એક પુસ્તક એક વૃક્ષ જેટલી શાંતિ અને ઊર્જા આપે છે. જ્યારે મારા ઘરમાં તો દસેક હજારથી વધારે પુસ્તકો છે. અને એ પણ ભારતની ૨૨ એ ભાષાના. આ પુસ્તકોની ઊર્જા ઈશ્વરીય અનુભૂતિ કરાવે છે. જેને નિયત્તિ પણ કશું જ કરી શકતી નથી. જો કે મારી નિયત્તિએ મને ઘણું બધું શીખવ્યું છે. લોકો દુખમાં રડે છે હું હસુ છું. લોકો દુખમાં નાસીપાસ થઈ જાય છે હું બધું સક્ષમ બનું છું. નિયત્તિએ સૌથી મોટું કડવું સત્ય એ બતાવ્યું કે " આપણું યુદ્ધ આપણે જ લડવું પડે છે હારીએ કે જીતીએ "જો હાર્યા તો કોઈ નહી આવે અને જો જીત્યા તો સૌ દોડીને આવશે. જો કે નિયત્તિ સામે ટક્કર લઈ શકે એવા માણસો આ સંસારમાં બહું ઓછા હોય છે. મોટે ભાગે તો નિયત્તિ પણ ગમે તેવા માણસો પાછળ પોતાનો સમય નથી વેડફતી હોતી. કેમ કે એ ક્યારેય પોતાની ગરિમા ઓછી કરે એવા માણસો પસંદ નથી કરતી. એને તો કોઈપણ જાતના શસ્ત્ર વિના લડીને જીતી શકે, અનેકવાર તૂટીને ફરીથી ઊભા થઈ શકે, દુખ કે પીડાને સામી છાતીએ ઝીલી શકે અને ગમે તેવી

અનુસંધાન પાના નં. ૭ પર

# ભાડુતી કોખનો કારોબાર : પૈસા - મજબૂરી - શોખ - કાયદો...!!!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

નિકોલ કિડમેન, સારાહ પાર્કર, એલીઝાબેથ બેન્કસ, રિકી માર્ટીનથી લઈને બાદશાહખાન શાહરૂખખાન, કોરિયોગ્રાફર/દિગ્દર્શક ફરાહખાન, આમીરખાન, સોહેલખાન જેવા દેશી-વિદેશી સેલેબ્સમાં એક વસ્તુ કોમન છે...અને એ છે એમના સંતાનો...! તમને થયું કે સંતાનોમાં શું કોમન ? પણ આ અને આવા બીજા સેલેબ્સ લોકોના સંતાનોમાં કોમન એ છે કે એમના અમુક સંતાનો એમની માતાના ઉદરમાંથી નથી જન્મ્યા...! હે ? વોટ યુ મીન ? જી હા, આ લોકોના બધામાંથી ઓલમોસ્ટ એક સંતાન તો એમની માતાની કોખમાંથી નહિ પણ બીજી સ્ત્રીની કોખ્માંથી જન્મ્યું છે...! શાહરૂખનું ત્રીજું સંતાન અબ્રાહમ, આમીરખાનનો આઝાદ અને ફારાહખાનના તો ત્રણે ત્રણ સંતાનો બીજીમાંની કોખમાં વિકસ્યા છે – ઉછર્યા છે અને જન્મ્યા છે...! આ લીસ્ટમાં લેટેસ્ટ નામ છે જમ્પિંગ જેક પુત્ર તુષારકપૂરનું પણ. જો કે તુષારે તો લગ્ન વગર જ પિતૃત્વ સ્વીકારવાનું પસંદ કર્યું છે એ જુદી વાત છે પણ હકીકત એ છે કે સ્ટીલ તુષારનો પુત્ર બીજીમાં ની કોખમાં જ પલો – બડો થયો છે...! કોયડો થોડો સમજવામાં અઘરો લાગે એવો છે ને? પણ હકીકતમાં કોખ ભાડે આપવાનો આ કારોબાર જગતભરમાં રોકેટગતિએ વિકસી રહ્યો છે અને એ પણ વર્ષોથી. આ 'ભાડુતી કુખ' નો કારોબાર એટલો બધો વિકસી રહ્યો છે કે ઘણા બધા દેશોએ એના માટે ખાસ કાયદા બનાવવા પડ્યા છે...જેમાં હવે ભારત પણ જોડાયું છે...! બીજી સ્ત્રીની કુખ દ્વારા સંતાન પ્રાપ્ત કરવાને કહેવાય છે ' સરોગસી ' અને ભાડે કુખ આપનાર સ્ત્રીને કહેવાય 'સરોગેટ મધર'...!

કોઈ નીઃસંતાન દંપતી બાળક પેદા કરી શકે એવી શારીરિક સ્થિતિમાં ના હોય અથવા કોઈ મેડીકલ પ્રોબ્લેમ હોય તો પુરુષના વિર્યબીજ અને સ્ત્રીની ઓવરીને લેબમાં વિકસાવીને પછીથી એનું સ્થાપન બીજી સ્ત્રીની કુખમાં કરીને પોતાનું સંતાન મેળવી શકે છે. આ માટે સ્વેચ્છાએ તૈયાર થયેલી સ્ત્રીનું ગર્ભાશય ઉપયોગમાં લેવાય છે કે જેમાં આ આખીયે પ્રક્રિયા થયા પછી નવ મહીને બાળક જન્મે છે જે એના અસલ માં-બાપને આપી દેવાય છે અને એ બંને ખુશી ખુશી પેરેન્ટ્સહુડ માણે છે અને પેલી સરોગેટ મધર આખોયે કિસ્સો ભૂલી જાય છે. બે પ્રકારની સરોગસી અમલમાં છે અથવા તો વધુ વપરાય છે. એક તો કોમર્શીયલ સરોગસી કે જેમાં કોખ ભાડે લેવા માટે એક ચોક્કસ રકમ નક્કી કરાય છે અને એ પ્રમાણે ગર્ભના ઉછેર માટે એક ચોક્કસ રકમ અપાય છે અને બીજી સિસ્ટમ છે અલતૃસ્તિક સરોગસી કે જેમાં ગર્ભાવસ્થા અથવા સરોગસી સમય દરમ્યાન થતો બધો જ ખર્ચ અપાય છે – મતલબ કે દવા સારવાર અને બાળક જન્મે ત્યાં સુધીનો ખર્ચ. બંને સીસ્ટમ માં ફર્ક એટલો જ છે કે એકમાં કુખ ભાડે રખાય છે જયારે બીજામાં કુખને વાપરવાના પૈસા ચૂકવાય છે પણ બંનેમાં મુખ્ય અને મહત્વનું તો પૈસા જ છે. અહિયાં સુધી તો બધું બરાબર દેખાય છે પણ હકીકતમાં આ આખીયે પ્રક્રિયામાં દેખાય એટલું ઈઝી અને આસાન નથી કેમકે સારી ભાવનાવાળી દેખાતી આ આખીયે સામાજિક વ્યવસ્થા બરકરાર રાખતી સીસ્ટમમાં આગળ લખ્યું એમ પૈસાનું સામ્રાજ્ય અને પૈસાનો ખેલ વધુ ઝડપથી અને વધુ આશ્ચર્યજનક રીતે સામેલ છે.

ભારત વિશ્વભરમાં સરોગસીના મામલામાં અગ્રસર થતું ચાલ્યું. એક અંદાજ મુજબ એકલા ભારતમાં જ અત્યાર સુધીમાં ૪૦ હજાર જેટલા સરોગેટ બાળકો જન્મી ચુક્યા છે. પૈસાનું કેટલું પ્રભુત્વ આ બિઝનેસમાં છે એનો અંદાજ એ પરથી આવી જશે કે દિલ્હીની શમા સંસ્થાના જણાવ્યા મુજબ સરોગસીનો કારોબાર એકલા ભારતમાં જ વર્ષે ૩૦૦૦ કરોડ રૂપિયા જેટલો થવા જાય છે.

ડોકટરોનું કહેવુંછે કે વિશ્વમાં જન્મતા ૫૦૦ સરોગેટ બાળકોમાંથી ૨૦૦ ભારતીય ભાડુતી કુખમાંથી જન્મ લે છે. એમાં પણ આપણું મિલ્ક કેપિટલ આણંદ હવે સરોગસીની રાજધાની બની ગઈ છે. આણંદના એક આઈવીએફ સેન્ટરમાં સરોગેટ માતા દ્વારા જન્મેલા બાળકોની સંખ્યા ૧૦૦૧ના આંકને વટાવી ગઈ હોવાના અહેવાલો છે. વિશ્વના ખૂણે ખૂણેથી સંતાન વિહોણા યુગલો સંતાનની આશામાં અવારનવાર આણંદની મુલાકાત લે છે અને ઘણા સમયથી અમેરિકા, કેનેડા અને ઈંગ્લેન્ડના યુગલોનો ધસારો વધી રહ્યો છે. બીજા દેશોમાં કડક કાયદા અને વધુ ખર્ચ આવતો હોવાથી ભારતમાં વિદેશી પેરેન્ટ્સ દ્વારા આ સરોગસી ટુરીઝમ વધુ વિકસ્યુંછે. અમેરિકામાં સરોગસીનો ખર્ચ ૫૫-૬૦ લાખ જેવો થાય છે જયારે ભારતમાં આ કામ અંદાજે ૧૫-૨૦ લાખમાં પૂરું થઈ જાય છે જો કે આમાં સરોગેટ મધરને તો માંડ ૩-૫ લાખ જ મળે છે બાકી બધું દવા, ડોકટરો અને એજન્ટો વહેચી ખાય છે. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલીયા જેવા દેશોમાં જન્મ પછી બાળક પર સરોગેટ મધરનો કાનૂની અધિકાર રહે છે જયારે ભારતમાં એવું નથી એટલે પણ ભારતનું આકર્ષણ વિદેશીઓમાં વધુ છે.

કોઈ યુગલના ચહેરા પર સંતાન સુખનું સ્મિત જોવા મળે એનાથી વધુ રૂડું શું હોય શકે ? અનેકો વાંઝીયાના ઘરમાં બાળકની કીક્યારી સંભળાતી થઈ પણ પૈસાના પાપે આ વ્યવસ્થામાં ગરીબનું શોષણ અને બીજા કાનૂની કોયડાઓ બનતા ગયા જેને લીધે સરકારે સરોગસીને લાગતું નવું બીલ બનાવવાની જરૂર પડી કે જેમાં હવેથી જે દંપતીને ઓછામાં ઓછાં પાંચ વરસ રાહ જોયા પછી પણ બાળક ના થયું હોય અને જેઓ ડોક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરે કે તેઓ બાળક પેદા કરવા શારીરિક રીતે સક્ષમ નથી તેઓને જ સરોગેટ માતાની કૂખે બાળક પેદા કરવાની પરવાનગી અપાશે. જે સ્ત્રીને પોતાનું એક તંદુરસ્ત બાળક હોય તે જ નજીકનાં સગાં માટે સરોગેટ માતા બની શકશે. માત્ર ભારતીય નાગરીકોને જ આ અધિકાર રહેશે અને એ પણ એવા યુગલને કે જેને સંતાન ન થતું હોય. એનઆરઆઈ, ઓસીઆઈને પણ તેનો અધિકાર નહીં હોય. નિયમભંગ કરનાર ડોક્ટર ૧૦ વર્ષ માટે જેલના સળિયા ગણતો થઈ જશે કે ક્લીનીકે ફાઈલ ૨૫ વર્ષ સાચવવી પડશે એવા કડક નિયમોથી મજબુરીનો લાભ ઉઠાવતા એજન્ટો અને કલીનીકો પર લગામ આવશે પણ આ બધી માથાકુટમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ વધવાનાં ને અત્યારે પણ થાય છે એમ શ્રીમંત લોકો કાયદાનો લાભ ઉઠાવશે કે પછી ઘણા એવા કુટુંબો કે જેમાં નજીકનાં સગાંમાં કોઈ સ્ત્રી સરોગેટ માતા બનવા રાજી નહીં થાય તો તેઓ બાળક પ્રાપ્ત નહીં કરી શકે. પણ કહે છે ને કે જરૂરીયાત શોધની જનેતા છે, એ હિસાબે કાયદાઓની વચ્ચેથી પણ છટકબારીઓ શોધાતી રહેશે અને ભલે ઘણાને મતે સરોગસી નાકનું ટેરવું ચડાવવા જેવી વાત હોય પણ જો એમ છતાં પણ અનેકો નિઃસંતાન ખોળામાં કીકીયારીઓ ગુંજે તો ખોટું શું છે, પણ હા એ જોવું જરૂરી રહેશે કે કાનૂની અને કાયદાકીય દાવપેંચ ના થાય અને આજે મજબુરીમાં શરુ થયેલી આ સરોગસી મધર્સ-પેરેન્ટ્સની વ્યવસ્થા કાલે ઉઠીને શોખ ના બની જાય...!